(૧૫૧)

: રબીઉલ અવ્વલની ખરી હકીકત પ્રાપ્ત કરનાર :

હુઝૂર સલ.ની તાલીમ અને સુન્નતો પર અમલ કરવું એ જ રબીઉલ અવ્વલની સાચી હકીકત પ્રાપ્ત કરનાર છે જેમકે આંખોની સુન્નત એ છે કે જે ચીઝોથી સરકારે આલમ સલ.એ મના ફરમાવ્યું તે વસ્તુઓથી આપણે આંખોને બચાવીએ. જેણે આમ કર્યું તેણે નબી સલ.ની સુન્નત અદા કરી. રબીઉલ અવ્વલની હકીકત તેણે પ્રાપ્ત કરી. જેણે પોતાના કાનને સંગીત (મ્યુઝીક) સાંભળવાથી બચાવ્યા તેણે રબીઉલ અવ્વલની હકીકત પ્રાપ્ત કરી. જેણે પોતાની ઝુબાનને ગુનાહોથી બચાવી, જેણે પોતાના ગુપ્તાંગોને ગુનાહોથી બચાવ્યા-પોતાની ઝીંદગીને હરામ કૃત્યોથી બચાવ્યા, અલ્લાહના પ્રકોપ અને ગુસ્સાના અમલોથી દૂર રહયો તેને દરેક સમયે રબીઉલ અવ્વલની હકીકત અને બરકત પ્રાપ્ત છે.

દરરોજ પાબંદીથી દુરૂદ શરીફ પઢવામાં આવે, દરરોજની દુઆઓમાં પહેલાં અને પાછળ દુરૂદ શ. પઢવામાં આવે તો પછી કયારેય આપણો રબીઉલ અવ્વલ આપણાથી અલગ (દૂર) નથી!

આદાબે ઇશ્કે રસૂલ સલ.

અઝ:- મૌલાના હકીમ મોહંમદ અખ્તર સા. રહ.

(૧૫૨)

: પયગમ્બરે ઇસ્લામ સલ.

વિશ્વવિભૂતિઓની અભ્યાસુ દ્રષ્ટિએ..

હઝ.મુહંમદ મુસ્તુફા સલ.એ યતીમીની હાલતમાં પરવરિશ પામી જે રીતે દુનિયાના ખૂણે ખૂણે ઇસ્લામની રોશની અને તાલીમ ફેલાવી, જેની વિશ્વના અભ્યાસુ, તટસ્થ, ન્યાયપ્રિય સાહિત્યકારો લેખકોએ નોંધ લઇ આપ સલ.ના મુબારક જીવન વિષે ચિંતન-મનન કરવા પ્રેરિત થયા, ટૂંકાગાળામાં ઇસ્લામની રોશની અને અખ્લાકી તાલીમથી વિશ્વ જે પ્રભાવિત થયું તેને લઇ વિશ્વના જુદા જુદા દેશના બિન મુસ્લિમ અભ્યાસુ લેખકોએ આપની સીરતે મુબારકનો ઉડાણપૂર્વક અભ્યાસ કર્યો અને પોતાના વિશ્વપ્રસિધ્ધ પુસ્તકોમાં તેનો ઉલ્લેખ રજૂ કર્યો છે જે અંગે કેટલાક મંતવ્યો અત્રે ક્રમશઃ રજૂ કરવામાં આવશે. ઇ.અ જેમાં સાહિત્યમાં નોબલ પ્રાઇઝ વિજેતા જયોર્જ બર્નાડ શો (આયર્લેન્ડ) ગાંધીજી (ભારત) માઇકલ હાર્ટ (અમેરિકા) આલ્ફ્ન્સ ડી.લામાર્ટીન (ફ્રાંસ) વગેરેના મંતવ્યો સમાવિષ્ઠ રહેશે.

(૧૫૩)

: પયગમ્બરે ઇસ્લામ સલ.

વિશ્વવિભૂતિઓની અભ્યાસુ દ્રષ્ટિએ..

જગતને અત્યારે મોહંમદ સલ.ના જેવા મગજ ધરાવતા વ્યક્તિની તાતી જરૂર છે. મે તેમનો અભ્યાસ કર્યો છે ખૂબ જ અદભૂત વ્યક્તિ અને મારા મતાનુસાર એમને માનવતાનો મસીહા કે હામી કહેવા જોઇએ. જો એમને અત્યારે દુનિયાનું સુકાન સોંપવામાં આવે તો તેઓ આપણી તમામ સમસ્યાઓનો ઉકેલ લાવશે. અને જગત જે શાંતિ અને સુખાકારી ઝંખી રહયું છે તેને પ્રસ્થાપિત કરશે (The Genuine Islam)

જયોર્જ બર્નાર્ડ શો :- આયરીશ નાટય લેખક, સાહિત્યમાં નોબલ પ્રાઇઝ વિજેતા, એકડેમીક એવોર્ડ ફોર બેસ્ટ રાઇટીગ

(૧૫૫)

: પયગમ્બરે ઇસ્લામ સલ.

વિશ્વવિભૂતિઓની અભ્યાસુ દ્રષ્ટિએ..

મને સંપૂર્ણ શ્રધ્ધા છે કે તે દિવસોમાં ઇસ્લામ તલવાર દ્વારા નથી ફેલાયો પરંતુ તેમની મક્કમતા, સાદગી, અતિનમ્રતા, નિસ્વાર્થતા, સિધ્ધાંતો પ્રત્યે ચીવટાઇ, પોતાના મિત્રો અને અનુયાયીઓ પ્રત્યેની તીવ્ર લાગણી-આદરભાવ, નિર્ભયતા, અલ્લાહ પર તથા પોતાના મિશનમાં અત્યંત શ્રધ્ધાને કારણે ઇસ્લામનો ફેલાવો થયો છે. (Yong India 1924)

ભારતના રાષ્ટ્ર પિતા મહાત્મા ગાંધીજી

વિશ્વની ૧૦૦ અસરકારક વ્યકિતઓના લિસ્ટમાં મુહંમદ સલ.નું નામ અગ્રતા ક્રમે (પ્રથમ નંબરે) રાખવાની મારી પસંદગીથી ઘણા બધાને આશ્ર્વર્ય થશે અને મને પ્રશ્નો પૂછવામાં આવશે પરંતુ ઇતિહાસમાં તેઓ એક માત્ર વ્યકિત હતા જેઓ ધર્મ અને બિનસાંપ્રદાયિકતા બંનેના બેલેન્સમાં સફળ રહ્યા હતા. આ એક બંને (Pair)ની સંયોજનના કારણે મને લાગે છે કે મુહંમદ સલ.ને વિશ્વના માનવ ઇતિહાસના એક માત્ર અસરકારક વ્યકિત તરીકે પસંદ કરૂં છું.

માઇકલ H. હાર્ટ :- અમેરિકન ખગોળ શાસ્ત્રી અને ઇતિહાસ કાર, ૧૯૭૮માં પ્રગટ થયેલ પુસ્તક ઇતિહાસના ૧૦૦ પ્રભાવશાળી વ્યકિતઓનો ક્રમ

(૧૫૪)

: પયગમ્બરે ઇસ્લામ સલ.

વિશ્વવિભૂતિઓની અભ્યાસુ દ્રષ્ટિએ..

મોહંમદ સલ. હમેશા ખ્રિસ્તીવાદ કરતાં ઉપર રહ્યા છે. તેમણે ઇશ્વરને મનુષ્ય માન્યા નથી અને પોતાની જાતને અલ્લાહ સાથે સરખાવી નથી. મુસ્લિમો અલ્લાહ સિવાય કોઇની ઇબાદત કરતા નથી અને મોહંમદ સલ.ને એમના સંદેશવાહક માને છે એમાં કોઇ રહસ્ય કે ભેદ છુપાયેલ નથી. તેઓ પયગમ્બર હતા કવિ ન હતા એટલા માટે કુર્આનને આપણે ખુદાઇ અહકામ તરીકે જોવું જોઇએ. નહી કે કોઇ માનવીય પુસ્તક કે આનંદ પ્રમોદ માટે રચાયેલ પુસ્તક તરીકે. (Noten and abhandlu N. Grean. Zum)

લીયો ટોલ્સ્ટોય:- રશિયાના મહાન લેખક

ઇતિહાસના સૌથી પ્રભાવક વ્યકિતત્વ ધરાવનાર:-

હેતુની મહાનતા, સાધનોની નિમ્નતા અને ઉચ્ચ કોટિના પરિણામ જો માનવીય પ્રતિભાના આ ત્રણ સ્થંભો (criteria) હોય તો આધુનિક ઇતિહાસની કઇ વ્યકિત પોતાની જાતને મુહંમદ સલ. સાથે તુલના કરવાની હિંમત કરશે?

આલ્ફ્ન્સ ડી.લામાર્ટીન:- ફ્રેંચ લેખક, કવિ રાજદ્રારી અને ઇતિહાસકાર

(૧૫૬)

: પયગમ્બરે ઇસ્લામ સલ. વિશ્વવિભૂતિઓની અભ્યાસુ દ્રષ્ટિએ..

હું એક એવી વ્યક્તિ વિશે જણાવવા માંગું છું જેણે નિર્વિવાદ રીતે કરોડોના હૃદય જીતી લીધા. મને પૂરેપૂરી ખાત્રી છે કે ઇસ્લામ ધર્મ તલવારથી નહી પરંતુ એક વ્યક્તિની કુરબાનીથી ફેલાયો. તેઓની અદભૂત સાદગી, ધ્યેય પ્રત્યે સંપૂર્ણ નિષ્ઠા, મિત્રો અને અનુયાયીઓ પ્રત્યે પૂરેપૂરી લાગણી, તેમની અનુકરણીય જીવન શૈલી, નિર્ભયતા તથા અલ્લાહ પ્રત્યેનાં અતૂટ વિશ્વાસ જેવા ગુણોએ તેમના ધ્યેયને સફળ કર્યું, તલવારથી ધર્મ ફેલાયો એ માન્યતા સદંતર ખોટી છે. મહાત્મા ગાંધીજી- ૧૯૨૪ યંગ ઇન્ડીયા

તેઓએ અગણ્ય મુશ્કેલીઓનો સામનો કર્યો, તેઓ બહાદુર હતા અને અલ્લાહની જાત સિવાય કોઇનાથી ડરતા ન હતા. તેઓને જે યોગ્ય લાગે તે જ કરતા. તેઓએ કયારેય કશું કહ્યું હોય અને કર્યુ ન હોય એવું નથી બન્યું. તેઓ જે કહેતા તના ઉપર અમલ કરતા.

જયારે તેમનો વિચાર બદલાય તો નિભિર્કપણે તેઓ જણાવતા, ટીકા કે વિરોધનો કોઇ ડર રાખ્યા વિના. તેઓ એક ફકીર જેવું જીવન ગુઝારતા તેમણે સર્વે ભૌતીકસુખનો ત્યાગ કર્યો હતો. જો તેઓ ઇચ્છતે, તેવો ધન મેળવી શકતા હતા. હરિજન બંધુ- ૧૯૩૪

(૧૫૭)

: હઝરત અલી રદિ.ને કોઇકે પૂછયું હતું

(૧) આકાશથી વધુ કઇ ચીજ ભારે છે?

ફરમાવ્યું: કોઇએ ન કરેલા ગુનાહ પર આક્ષેપ મૂકવો.

(૨) પૃથ્વીથી વધુ વિશાળ કઇ ચીજ છે?

ફરમાવ્યું: હક (સત્ય) એનાથી પણ વધુ વિશાળ છે.

(૩) દરિયાથી વધુ કઇ ચીજ તવંગર છે?

ફરમાવ્યું: કનાઅત- પસંદ દિલ. (સંતોષી દિલ)

(૪) પથ્થરથી વધુ કઇ ચીજ સખત છે?

ફરમાવ્યું: મુનાફિકનું દિલ. (બાહ્યરીતે ઇસ્લામનો દેખાવ કરી દિલથી મુસલમાન ન હોય)

(૫) આગથી વધુ કઇ ચીજ ગરમ છે?

ફરમાવ્યું: ઝાલિમ બાદશાહ આગથી પણ વધુ ગરમ છે.

(૬) ઝમહરીર (દોઝખનો ઠંડો વિભાગ)થી ઠંડી કઇ ચીજ છે?

ફરમાવ્યું: બખીલ (કંજૂસ)થી પોતાની જરૂરત પૂરી કરાવવાની ઉમ્મીદ અને આશા રાખવી.

બયાને મુસ્તફા - ડિસેમ્બર - ૨૦૧૯

(૧૫૮)

: શિયાળો અને સ્વાસ્થ્ય:

જે લોકો ફિટનેસ ઝંખે છે તેઓ વ્યસ્ત શિડયુલ વચ્ચે પણ સમય કાઢીને કસરત કરી જ લેતાં હોય છે. કોઇપણ વ્યક્તિએ વધુમાં વધુ ૪૫ મિનિટ અને ઓછામાં ઓછી ૧૫ મિનિટ પોતાની જાત માટે ફાળવવી જોઇએ.કોઇ પણ એકસર્સાઇઝ કે બેલેન્સ ફૂડ (સમતોલ આહાર) ખાવાની આદત માટે સેલ્ફ મોટિવેશન (સ્વપ્રેરણા) પણ ખૂબ મહત્ત્વનું છે.

આટલું ધ્યાન રાખો

(૧) હરતાં-ફરતાં રહો. બેઠાડું જીવન નહી ચાલે, ચાલતાં ચાલતાં વાત કરો. ઘરના કામમાં મૂવમેન્ટ કરો.

(૨) ભોજન સ્માર્ટલી (જલ્દી,ચાલાકીથી) ખાઓ. જયારે તમારી થાળીમાં ભોજન પીરસાય ત્યારે તમને ખ્યાલ હોય જ છે કે કઇ વસ્તુ ખાવા જેવી છે અને કઇ નહી.

(૩) શરીર માટે સ્ટ્રેન્થ ટ્રેઇનિંગ (શક્તિ પ્રશિક્ષણ) ખૂબ જ જરૂરી છે. ઉંમર વધતી જશે તેમ-તેમ હાડકાં નબળાં પડશે અને સ્નાયુઓ ઢીલા પડશે ત્યારે સ્ટ્રેન્થ ટ્રેનિંગ જ કામ લાગશે.

(૪) પોતાની જાતને હાઇડ્રેટ (જલ મિશ્રિત) કરતા રહો. શરીરને પૂરતા પ્રમાણમાં પાણી મળવું જરૂરી છે.

(૫) પોઝિટિવ રહો. તમારી હકારત્મકતા તમને કોઇ પણ સંજોગોમાં બચાવેલ રાખશે.

(અભિયાન. તા.૧૬ માર્ચ ૨૦૧૯. પેજ: ૪૯)

(૧૫૯) શિયાળો અને નફલ રોઝહ :

હઝ.અબુ હુરયરહ રદી.થી રિવાયત છે કે નબીએ કરીમ સલ.એ ફરમાવ્યું "દરેક વસ્તુની ઝકાત હોય છે, અને બદનની ઝકાત રોઝહ છે." નબીએ કરીમ એ ફરમાવ્યું કે સરદીની મોસમ મોઅમીનના માટે મોસમે બહાર(વષંત-spring) છે, દિવસ નાનો હોય છે તો ઇન્સાન આરામથી રોઝો રાખી લે છે, અને રાતો લાંબી હોય છે તો રાતના છેલ્લા સમયમાં ઉભો થઇ તહજ્જુદની નમાઝ(સરળતાથી) પઢી લે છે. નબીએ કરીમ સલ.એ ફરમાવ્યું સરદીના રોઝહ એ ઠંડો માલે ગનીમત છે.

આ ત્રણેવ રિવાયતોનો હેતુ નફીલ રોઝાઓની ફઝીલત બયાન કરવું છે. ઉપરાંત શિયાળાની ઋતુને મોકો સમજી તેમાં જે કામ આસાનીથી થઇ શકે છે તેને અદા કરવું છે.

નબી (સલ.)એ ફરમાવ્યું કે ઠંડીના રોઝા ઠંડો માલે ગનીમત છે. એટલેકે તેમાં તકલીફ અને મેહનત વધારે કરવી પડતી નથી અને રોઝા આરામથી પુરા થઇ જાય છે. આપણે તો લગભગ ૧૫ કલાકના ઉનાળાની ઋતુના રોઝા રાખ્યા છે. અને સાથે પોતાના બધા કામો પણ કર્યા છે. માટે હવે જો શિયાળામાં બાર-સાડા બાર કલાકના રોઝા રજાઓના દિવસોમાં રાખવામાં આવે તો આ રોઝા ખુબ આસાન થઇ જશે.નબીએ કરીમ સલ.પુરા વર્ષ નફલી રોઝા રાખતા હતા દરેક મહીનામાં ત્રણ રોઝા જરૂર રાખતા હતા,અને આ નસીહત આપ એ સહાબા રદી.ને પણ ફરમાવી હતી.અલ્લાહતઆલા આપણને બધાને નેક તૌફીક આપે. આમીન

(૧૬૦) શિયાળો અને રોઝહ : શાણો માણસ તે હોય છે જે તકનો લાભ ઉઠાવે. દીની કામોમાં પણ જે માણસ મોકાથી ફાયદો ઉઠાવે તે વ્યક્તિ કામિયાબ થઇ જાય છે. આ દુનિયામાં ઝડપથી ફેરફારો જોવા મળે છે. આ બદલતી દુનિયામાં મોકાનો લાભ ઉઠાવવાનો કુર્આનનો પણ હુકમ છે. અને નબીએ કરીમ સલ.ની તાલીમ પણ છે. ગરમીમાં નફલ રોઝા રાખવા પ્રમાણમાં મુશ્કિલ હોય છે. જો કે નબીએ કરીમ સલ. આખુ વરસ નફલ રોઝા રાખતા હતા.

સતત ખાવુ પીવુ તંદુરસ્તી માટે નુકસાન કારક છે. જેટલી પણ બીમારીઓ છે સુગર, બ્લડપ્રેસર, જાડાપણું વગેરે ખાવાથી પેદા થાય છે. ન ખાવાથી કોઇ બીમારી થતી નથી

બીજી એક અગત્યની વાત એ પણ છે કે સ્ત્રીઓના જીમ્મે ઘણા બધા ફર્ઝ રોઝા કઝા (બાકી) હોય છે. (ઇલ્લા માશાઅલ્લાહ) તો જો મર્દો પોતાની રજાના દિવસે રોઝા રાખવાની નિય્યત કરી લે અને મિંયા-બીબી બન્નેવ રોઝો રાખે તો ઓરત માટે રોઝો રાખવો આસાન થઇ જશે. અને આ રીતે શોહરને ફકત નફલ રોઝાનો સવાબ નહીં મળશે બલ્કે એનો પણ સવાબ મળશે કે તેણે પોતાની ઓરતના ફર્ઝ રોઝા અદા કરવામાં મદદ કરી. આ રીતે એક મહીનામાં તેણીના ચાર-પાંચ રોઝાની અદાઇગી કરાવી શકાય છે.

હુઝૂરે પાક સલ.આખુ વર્ષ મહીનામાં ત્રણ, નફલ રોઝા રાખતા હતા. કોઇ મહીનો એવો નથી ગયો કે જેમાં આપ સલ.એ નફલ રોઝા ન રાખ્યા હોય. (અલ બલાગ ઉર્દુ – કરાંચી, ૨૦૧૭)

(૧૬૧) : શિયાળો અને નવાફિલ : નબીએ કરીમ સલ.એ ફરમાવ્યું કે શિયાળાની ઋતુ મોઅમીન માટે પુરબહાર સીઝન છે, તેમાં દિવસ નાનો હોય છે તો (સરળતાથી) રોઝો રાખી લે, અને એની રાત લાંબી હોય છે તો (આસાનીથી) તહજ્જુદ માટે ઉભો રહે છે.

ઇન્સાન થોડા થોડા સમયે રોઝા રાખતો રહે જેમકે અઠવાડીયામાં એક દિવસ અથવા મહીનામાં ત્રણ દિવસ તો અંધાધુંધ ખાવાને બ્રેક લાગશે સાથે જ તંદુરસ્તી પણ જળવાઇ રહેશે.

નફિલ નમાઝોમાં સૌથી અફઝલ તહજ્જુદની નમાઝ છે. કોઇ (નફિલ) નમાઝ આટલી બરકત વાળી અને અગત્યની નથી જેટલી કે તહજ્જુદની નમાઝ છે. આ સમય દુઆની કબુલિયતનો પણ હોય છે. જેમાં અલ્લાહતઆલા એલાન ફરમાવે છે કે "છે કોઇ મુસીબતમાં સપડાએલ કે હું એને આફિયત આપુ, છે કોઇ રોઝીનો માંગનાર જેને હું રોઝી આપું, છે કોઇ માફી માંગનાર જેને હું બખ્શી આપુ." અગર માણસ કલાક અડધો કલાક અઝાન પહેલા ઉઠીને અલ્લાહ સામે આજીઝીપૂર્વક હાથ ફેલાવે તો અલ્લાહ તઆલા તેની દુઆ કબૂલ ફરમાવે છે. લોકો પોતાના મકસદ માટે વઝીફાઓ શોધે છે, પરંતુ સૌથી શ્રેષ્ઠ વઝીફો એ છે કે તહજ્જુદમાં ઉઠીને અલ્લાહથી માંગવું, આ સમયે અલ્લાહપાક પોતે પુકારે છે અને આપવા માટે તૈયાર હોય છે.

(મફતી મહમુદ અશ્રફ ઉસ્માની સા.દા.ઉ.કરાંચી)

(૧૬૨) : મંઝિલ - منزل :

મુળ રીતે કુર્આની આયતો પર આધારિત આ વઝીફો નબીએ કરીમ સલ.એ એક સહાબી રદિ.ને શીખવાડયો હતો. હદીસ શરીફની અનેક કિતાબોમાં એનું વર્ણન છે.

આ કુર્આનેપાકની ૩૩ આયતો છે, જે જાદૂના અસરને દૂર કરે છે. અને શયાતીન, ચોરો અને હિંસક જાનવરોથી હિફાઝત કરે છે.

જાદૂ, જિન્નાત આસેબ વગેરે છુપી તકલીફોથી બચવા ખાતર અનેક વઝીફાઓ બુઝુર્ગોએ દર્શાવ્યા છે. ઘણી બધી કુર્આની આયતો ઉપરાંત હદીસ શરીફમાં પણ હિફાઝત માટેની અનેક દુઆઓ વર્ણવવામાં આવી છે. આ બધી દુઆઓ અને વઝીફાઓમાં "મંઝિલ" ના નામે ઓળખાતો એક ખાસ વઝીફો લોકોમાં ઘણો જ પ્રચલિત છે. બુઝુર્ગો પણ એના પઢવાની ઘણી તાકીદ ફરમાવે છે. અને અનુભવ સિદ્ધ પણ છે.

કુર્આની આયતો સિવાય બીજી કોઇ દુઆ પણ એમાં નથી. આ આયતોની બરકતથી પરેશાની દૂર થઇ જાય છે.

હઝરત શાહ વલીયુલ્લાહ દહેલ્વી રહ.એ પોતાની કિતાબ અલ કવલુલ જમીલમાં અને હઝ.અકદસ મવ.અશ્રફ અલી થાનવી રહ.એ બેહિશ્તી ઝેવરમાં આ વઝીફો વર્ણવ્યો છે.

(આ મંઝીલ પોકેટસાઇઝ (7×10cm) માં પ્રાપ્ય છે)

(૧૬૩) : અકીકો :

જો બાપ અકીકાનો ખર્ચ ઉઠાવવાની તાકાત રાખતા હોય તો તેના માટે અકીકો કરવું મુસ્તહબ છે. માટે ખર્ચ પર શકિતમાન લોકોએ અકીકો કરવો જોઇએ. છતાં જો કોઇ અકીકો ન કરે તો તે ગુનોગાર ઠરશે નહી, કારણ કે અકીકો વાજીબ અથવા જરૂરી નથી.

અકીકો કરવું મુસ્તહબ છે, માટે તેને મુસ્તહબ તરીકા પર કરવું જોઇએ. બાળકના પેદા થવા પછી સાતમાં દિવસે અકીકો કરવામાં આવે.(ફતાવા દારૂલ ઉલુમ ૧૫/૬૦૬-૬૦૭)

અકીકાનું ગોશ્ત વહેંચવું કે પકાવી ખાવુ બંને દુરૂસ્ત અને જાઇઝ છે. પરંતુ મુસ્તહબ અને વધું સારૂં એ છે કે અકીકાના ગોશ્તનાં ત્રણ હિસ્સા કરી એક હિસ્સો ફકીરો અને ગરીબોને વહેંચવામાં આવે અને બાકીના બે હિસ્સામાંથી પોતે રાખે તથા રિશ્તેદારોમાં વહેંચે અથવા પકાવી તેમની મહેમાની કરે. (બહેશ્તી ઝેવર, ૩/૪૩)

મસઅલોઃ- કુરબાનીના જાનવરમાં અકીકાનો ભાગ રાખવામાં આવે તો જાઇઝ છે. જેમકે મોટા જાનવરનાં સાત ભાગમાંથી પાંચ ભાગ કુરબાનીના અને બે ભાગ અકીકાના રાખવામાં આવે તો કુરબાની અને અકીકો બન્ને અદા થઇ જશે. (બદાએઅ ભા-૫, આલમગીરી ભા-૫)

બર્થડે - જન્મદિન :

ઇસ્લામધર્મની પોતાની એક ખાસ ઓળખ (identity)છે, તે પોતાની એક ખાસ સંસ્કૃતિ (culture) ધરાવે છે, ઇસ્લામધર્મ જીવનશૈલીમાં બીજા ધર્મ અને કોમની સંસ્કૃતિ તેમજ રીત-રિવાજ ધારણ કરવાની પરવાનગી આપતો નથી. કુર્આને કરીમ (સૂ-હૂદ.૧૧૩)માં ગેર મુસ્લિમોના અનુકરણથી દૂર રહેવાની તાકીદ આવી છે. એક હદીસ શ.માં પણ છે "જે માણસ ગેરોની ચાલઢાલનું (રીત-રિવાજોનું) અનુકરણ કરે તે અમારામાંથી નથી. બર્થ-ડે ની રસમનો સંબંધ પણ ગેરમુસ્લિમોની મુશાબહત અને અનુકરણથી જ છે. માટે તેને છોડવું અને તેનાથી બચવું ખૂબ જરૂરી છે.

ઉંમરનું એક વર્ષ વીતી જવું ખુશીનો મોકો નથી, બલ્કે ફિકરનો મોકો છે કે જીંદગીનું એક વર્ષ ઓછું થઇ ગયું અને તેની સાચી કદર ન થઇ શકી. જન્મદિન નિમિત્તે વહેંચવામાં આવતી ચોકલેટ-શુભેચ્છા પાઠવીને ખુશી વ્યકત કરવી આ બધું ગેરમુસ્લિમોની મુશાબહત અને અનુકરણમાં જ દાખલ છે, તેથી તેનાથી બચવુ જરૂરી છે. એક સાચા મુસલમાન માટે જરૂરી છે કે પોતે પણ આ રસમમાં કોઇ પણ રીતે ભાગ લેવાથી બચે અને પોતાના ખાનદાન અને સમાજને પણ બચાવે. (અઝ કિતાબઃ- દારૂલ ઇફતા, જામિઅહ ડાભેલ)

(૧૬૫): ગેર કોમનો તરીકો ઇખ્તિયાર કરવો. (૧)

ઇસ્લામે જાઇઝ તરીકા પર ખાવા-પીવા અને ખૂશીઓ મનાવવાની ઇજાઝત આપી છે, પરંતુ જે કાર્યોમાં ગૈર કૌમ સાથે મુશાબહત (સામ્યતા) થતી હોય કે શરીઅત વિરૂધ્ધ કાર્ય થતુ હોય એવા કામો થી શરીઅતમાં સખ્તીથી રોકવામાં આવ્યા છે. શરીઅત વિરૂધ્ધ કાર્ય કરનાર વ્યક્તિના હુઝુર સલ.એ સલામનો જવાબ પણ નથી આપ્યો. (તિરમિઝી ૧૦૪/૨) ઇસ્લામથી પહેલા મહરઝાન અને નવરોઝ એ બે દિવસોમાં લોકો રમત ગમત વિગેરેમાં મશ્ગુલ થઇ ખુશીઓ મનાવતા હતા તો હુઝૂર સલ.એ તેનાથી મના ફરમાવ્યું. (મિશ્કાત : ૧૨૬) હદીસે પાકમાં છે કે જે કોઇ અન્ય કોમ સાથે મુશાબહત (સરખામણી) ઇખ્તિયાર કરશે તેનો હશ્ર તેઓની સાથે થશે. (અબુ દાઉદ : ૫૫૯)

આ સામ્યતા ખાવા-પીવા, રહેણી- કરણી કે પછી કાર્યોમાં હોય દરેકનો આ જ હુકમ છે. અહાદીસે પાક અને સહાબએ કિરામના અમલથી સ્પષ્ટ માલુમ થાય છે કે ગૈર કૌમના રહેવારોના દિવસે તેમના જેવા કૃત્યો કરવા અને ખૂશીઓ મનાવવી જાઇઝ નથી, કેટલાક ઉલમાએ કિરામ તો આવી બાબતોને એટલી બુરી સમજે છે કે ગૈર કૌમના તરીકા પર અમલ કરનાર માટે કાફિર થઇ જવાનો હુકમ લગાવ્યો છે. ખાસ આ દિવસોમાં જ વસ્તુઓ ખરીદવા અને તેમના જેવા કાર્યો કરવાથી તેમનું અનુકરણ થાય છે જેનાથી બચવું ખુબ જરૂરી છે. (ક્રમશઃ)

અઝઃ- હઝ.મુફ્તી ઇસ્માઇલ વાડીવાલા સાહબ રહ.

(૧૬૬): ગેર કોમનો તરીકો ઇખ્તિયાર કરવો. (૨)

"ફતાવા ઝખીરહ" માં લખ્યું છે કે જે માણસ ખાસ ગેરકોમનો તહેવાર (હોળી, પતંગબાજી, ફટાકડા ફોડવા, ગરબા રમવું અથવા જોવુ વગેરે) માટે ઘરથી બહાર નીકળે તે કુફ્રના નજદીક થઇ જાય છે, કારણ કે આ માણસ પોતાના કાર્યોથી કુફ્રની મદદ કરે છે, (પ્રોત્સાહન આપે છે) અને એને પોતાના અમલથી સારુ કામ હોવાની ગવાહી આપે છે.

"ઉમ્દતુલ ઇસ્લામ" નામની કિતાબમાં લખ્યું છે કે જે માણસ કાફિરોનો રિવાજ અપનાવે જેમકે મકાન બનાવવામાં નાળિયેર ફોડવું, લાલ દોરો બાંધવો વગેરે તો તે માણસ કાફિર થઇ જાય છે. (મિરકાત ૨૫૨/૨, મઝાહિરે હક – ૩)

માટે ગેરકોમના તહેવાર દિવાળી, મકર સંક્રાંતિ, નાતાલ વગેરેમાં ઇસ્લામના વિરૂધ્ધ કામોમાં મશ્ગુલ થવું એ એને ઇખ્તિયાર કરવા બરાબર છે, એનાથી કાફિરો સાથે મુશાબહત થાય છે માટે આ હરામ થશે, અને એનાથી દીનના કામોમાં ગફલત થઇ જાય છે, જેના સંદર્ભમાં અલ્લાહતઆલા ફરમાવે છે "અમુક લોકો તે છે જે અલ્લાહથી ગાફિલ કરનાર વાતોના ખરીદાર બને છે એટલા માટે કે એનાથી લોકોને સમજયા વગર અલ્લાહના રસ્તાથી ભટકાવે અને એની મજાક ઉડાવે, એ લોકોને તે અઝાબ થશે જે બેઇઝ્ઝત કરી નાખશે." (સુ.લુકમાન આ-૬, આસાન તર્જુમએ કુર્આન સ:-૬૮૮) (ક્રમશ)

(૧૬૭): ગેર કોમનો તરીકો ઇખ્તિયાર કરવો. (૩)

માલ (wealth) અલ્લાહતઆલાની નેઅમત છે, ગુનાહના કામમાં ઇસ્તેઅમાલ કરવાથી એની નાશુક્રી સમજવામાં આવે, ફટાકડા અથવા પતંગ ખરીદવાથી માલને ફુઝુલ બરબાદ કરવો છે. અને કુર્આને પાકમાં ઇરશાદ છે કે "યકીન કરો કે જે લોકો ફુઝુલ કામોમાં માલને ઉડાવે છે તે શેતાનના ભાઇ છે" (સુ.બની ઇસ્રાઇલ આ.૨૭) એટલા માટે નાજાઇઝ કામોમાં માલને ખર્ચ કરવો અલ્લાહતઆલાની નાશુક્રી થશે અને માલ છીનવી લેવાનો જરીયો બને છે, અને નાશુક્રી કરનાર માટે કુર્આનેપાકમાં બરબાદીની ચેતવણી આપવામાં આવી છે. (સુ.ઇબ્રાહીમ/૭)

આજ કાલ અલ્લાહતઆલાનો અઝાબ અને કયામતની નિશાનીઓ જેમકે ઘરતીકંપ, હુલ્લડ- ફસાદ, એકસીડન્ટ, મોંઘવારી વગેરેની શકલમાં જોવા મળે છે, તો શું આવા વખતમાં પણ દિલોમાં અલ્લાહનો ખૌફ પેદા કરવાનો વખત નથી આવ્યો? કુર્આનેપાકમાં અલ્લાહતઆલા ફરમાવે છે "શું ઇમાનવાળાઓ માટે એ વખત નથી આવ્યો કે એમનું દિલ અલ્લાહતઆલાની નસીહત અને દિનેહક્ક ના સામે જુકી જાય? (સુ.હદીદ/૧૬)

માટે આપણો કિંમતી વખત અને માલ બેફાયદા અને બેકાર કામોમાં બરબાદ કરવાથી અને પોતાની જાતને અને પોતાના માલને ગુનાહોના કામમાં બરબાદ કરવાથી બચાવવું જોઇએ, અને બીજા લોકોને પણ બચાવવું જરૂરી છે.

(૧૬૮) મુસીબતથી ફાયદો થાય છે :

મુસીબતોથી ન ગભરાઓ, ન તેની પરવા કરો, હદીસ શરીફના મફહુમ પ્રમાણે જેને અલ્લાહ પસંદ કરે છે તેને મુસીબતમાં સાંપડે છે. જે તેની ઉપર રાજી થઇ જાય અલ્લાહ પણ તેનાથી ખુશ થઇ જશે. અને જે નારાજ થાય અલ્લાહ પણ તેનાથી નારાજ થાય છે.

અલ્લાહતઆલાએ ફરમાવ્યું: અને બેશક અમે તમારી કંઇક ભયથી તથા ભૂખથી અને જાન, માલ તેમજ ફળોના નુકશાનથી આજમાઇશ કરીશું અને તમે (આ આજમાઇશમાં પૂરા ઉતરનાર) ધીરજવાનોને (Patients)ખુશખબર સંભળાવી દો. (સૂ. બકરહ: ૧૫૫)

અલ્લાહ જેની સાથે ભલાઇનો ઈરાદો કરે છે તેને અજમાવે છે. ફરમાવ્યું: "અને અમે તમને જરૂર અજમાવીશું અહી સુધી કે તમારામાંથી સંઘર્ષ કરનારાઓને તથા અડગ રહેનારાઓને (જાહેરમાં) અમે જાણી લઇએ. અને તમારી હાલતોની ચોકસાઇ કરીએ." (સુ. મુહંમદ-૩૧)

(૧૬૯): જનાઝાની નમાઝ તથા સાથે ચાલનારાઓની ફઝીલત:

નબીએ કરીમ સલ.એ ફરમાવ્યું "કોઇ મય્યિત પર ૩૦૦ મુસલમાનોની જમાઅત નમાઝ પઢે અને સૌ મય્યિત માટે સિફારીશ કરે તો કબૂલ થાય છે. તેમની સિફારીશ મય્યિતના હકમાં ચોક્કપણે કબૂલ થાય છે. બીજી હદીસમાં છે કે જે મય્યિત પર ૪૦ મુઅમિનો નમાઝ પઢે તો તેઓની સિફારીશ મય્યિતના હકમાં કબૂલ કરી લેવામાં આવે છે." (મુસ્લિમ શરીફ)

બીજી હદીસમાં છે કે કોઇ મય્યિતની જનાઝાની નમાઝમાં ત્રણ સફો હોય તો મય્યિત માટે જન્નત વાજીબ છે. (અબુ દાઉદ શ.)

ખુલાસો:- જનાઝાની નમાઝથી મય્યિતની બખ્શિશનો વાયદો છે, ત્યાં જનાઝાની નમાઝ પઢનાર પણ ભલાઇથી વંચિત રહેતો નથી. એના માટે પણ મગફિરતનો ઇન્તિઝામ કરવામાં આવે છે.

હદીસના કથન મુજબ ઇન્સાનની મૌતનો સૌથી પહેલો ફાયદો એ છે કે એની જનાઝાની નમાઝ સાથે ચાલનારાઓની મગફિરત કરી દેવામાં આવે છે.

(૧૭૦) : દાઢી :

હુઝૂર સલ.એ ફરમાવ્યું કે "ગાઢ દાઢી રાખો અને મૂંછોને ખૂબ ઝીણી કરો. (બુખારી શ.)

ખુલાસો:- દાઢી હુઝૂર સલ.ની મોટી અને મહત્વની સુન્નતોમાંથી છે. દાઢીની મહત્વતા વિષે અસંખ્ય હદીસો હદીસની કિતાબોમાં વર્ણન થઇ છે, જેમાં આપ સલ.એ દાઢીની તાકીદ ફરમાવી છે. મતલબ કે દાઢી રાખવું વાજિબ અને મુંડાવવું હરામ છે. દાઢી કેટલી હોય: એક મુઠ્ઠીની લંબાઇ બરાબર દાઢી રાખવી સુન્નત છે.

આ રિવાયતોના અનુસંધાનમાં ફુકહા હઝરાત ફરમાવે છે કે એક મુઠ્ઠી જેટલી દાઢી સુન્નત છે. અલ્લામા હસકફી રહ. ફરમાવે છે કે સુન્નતના છોડવા પર માણસ દોઝખી તો નથી બનતાં પણ તે હુઝુર સલ.ની શફાઅતથી મહરૂમ રહેશે. કોણ મુસલમાન એવા હશે કે તેને હુઝૂર સલ.ની શફાઅતની ચાહત ના હોય? દાઢી ઘણી જ લાંબી રાખવી અથવા વેરવિખેર-અસ્તવ્યસ્ત રાખવી, કાંસકીથી ઠીક ન કરવી કે લોકો એને બુઝુર્ગ સમજે. આવું કૃત્ય મકરૂહ છે. અને ઇમામ અબૂ યુસુફ રહ.એ ગળાના વાળ સાફ કરવાની રજા આપી છે.

હુઝૂર સલ.એ ફરમાવ્યું "યહુદીઓ અને ઇસાઇઓ ખિઝાબ (વાળ રંગવાનો કલર) લગાડતા નથી. એટલે તમે લગાડતા રહો. (બુખારી શ. અબૂ દાઉદ શ.) આપ સલ.એ ફરમાવ્યું "કાળા ખિઝાબ સિવાય અન્ય રંગનો ખિઝાબ વાપરવામાં આવે. (અબુ દાઉદ શ.)

(૧૭૧): અલ્લાહ ખાતર એક બીજા સાથે મહોબ્બત કરવાવાળા

હઝરત મુઆઝ બિન જબલ રદી.થી રિવાયત છેકે રસૂલુલ્લાહ સલ.ને મેં ફરમાવતા સાંભળ્યું કે અલ્લાહતઆલાનો ઇર્શાદ છે કે મારી મહોબ્બત તે લોકો માટે વાજિબ છે જેઓ આપસમાં મારા કારણે મહોબ્બત કરે છે, અને મારા કારણે અને મારા સંબંધથી કોઇ જગ્યાએ ભેગા બેસે, અને મારા કારણે આપસમાં મળે, અને મારા કારણે આપસમાં ખર્ચ કરે.

ખુલાસો:- અલ્લાહના જે બંદાઓએ પોતાની મહોબ્બત અને ચાહત તેમ જાહેર અને છુપા સંબંધને અલ્લાહની ખુશીની તાબે કરી દીધા છે, અને તેમની હાલત એ છે કે તે જેની સાથે મોહબ્બત કરે છે, અલ્લાહ ખાતર જ કરે છે, જેમની પાસે બેસે છે, અલ્લાહતઆલા ખાતર જ બેસે છે, જેને મળે છે અલ્લાહતઆલા ખાતર જ મળે છે, જે કંઇ એક બીજા પર ખર્ચ કરે છે અલ્લાહતઆલાને ખુશ કરવા માટે જ કરે છે. બેશક અલ્લાહતઆલાના આ બંદાઓ હકદાર છે કે અલ્લાહની ખાસ ખુશી અને મોહબ્બત તેમને નસીબ થાય. રસૂલુલ્લાહ સલ.એ આ હદીસે કુદસીમાં અલ્લાહના આ ખુશખબરીવાળા આદેશની જાહેરાત કરી છે કે મારા તે બંદાઓ માટે મારી મહોબ્બત વાજિબ અને નક્કી થઇ ચુકી છે. હું તેમની સાથે મોહબ્બત કરૂં છું તેમનાથી ખુશ છું તેઓ મારા પ્યારા અને મનગમતા બંદા છે.

(૧૭૨) : અલ્લાહતઆલાની વસિય્યત:

કુર્આને પાકમાં અલ્લાહ ફરમાવે છે, અને અમોએ ઇન્સાનને પોતાના વાલિદૈન સાથે સારો વર્તાવ કરવાનો હુકમ આપ્યો. (સુ.અહકાફ)

આ ઇરશાદથી વાલિદૈન સાથે નેક વર્તણુક કરવાની કેટલી અહમીયત સાબિત થાય છે. કુર્આનેપાકની બીજી એક આયતમાં તો અલ્લાહતઆલાની ઇબાદત પછી માતા-પિતા સાથે જ એહસાન અને સારો વર્તાવ કરવાનો હુકમ ફરમાવવામાં આવ્યો છે. જેમાં અલ્લાહતઆલા ફરમાવે છે "અને તારા રબ્બે કરીમે હુકમ કરી આપ્યો છે કે તેના સિવાય બીજા કોઇની ઇબાદત ન કરો અને તમો (પોતાના) માં બાપ સાથે સારો વર્તાવ કર્યા કરો જો તારી સામે બે માંથી એક અથવા બન્નેવ વૃધ્ધા અવસ્થાએ પહોંચી જાય તો તેમને કદી "હું" પણ ન કહેશો. અને ન તેમને ધુતકારો અને તેમની સાથે ખુબજ અદબ સાથે વાત કરો" (સૂ.બની ઇસ્રા. – ૨૪)

એટલાજ માટે તો નબી સલ.એ મા-બાપની નાફરમાનીને મોટાથી મોટા ગુનાહોમાં ગણાવ્યો છે. અલ્લાહતઆલા આપણને બધાને આ નાફરમાનીથી બચાવેલા રાખે આમીન.

અઝ કિતાબ:- "વસિય્યતેં" મુરત્તિબ:- પીરેતરીકત હઝ.મૌલાના કમરૂઝ્ઝમા સાહબ દા.બ (ઇલાહાબાદ)

(૧૭૩) : ટેકનોલોજી અને માનવી:

માનવીએ પોતાની જરૂરીયાતોની પૂર્તિ માટે જે કંઇ નવી શોધો અને વસ્તુઓનું નિર્માણ કર્યું છે, એ બધાનો સમાવેશ ટેકનોલોજીમાં કરી શકાય.

આજે આપણું સંપૂર્ણ જીવન ટેકનોલોજી ઉપર નિર્ભર છે. હવે કદાચ ટેકનોલોજી વગરના જીવનની કલ્પના પણ શકય નથી. ઘણા અંશે ટેકનોલોજીએ આપણા જીવનને સુવિધાજનક બનાવી દીધું છે-પરંતુ આધુનિક ટેકનોલોજીની ચમક-દમકમાં માનવીય સંવેદનાઓ અને લાગણીઓ કેટલી હદે દબાઇ ગઇ છે, એનો ખ્યાલ આપણને આવતો નથી. આજે જયારે લોકો પાસે વધારે સમય હોવો જોઇએ ત્યારે જ એમની પાસે એકબીજા માટે સમય નથી. લોકો એમની ફરજ અને ડયુટી પૂરી કરીને આધુનિક ઉપકરણોમાં ખોવાય જાય છે.

આ જગતમાં દરેક વસ્તુન બે પાસાં હોય છે. હકારાત્મક... અને નકારાત્મક... આધુનિક ટેકનોલોજી પણ આવી જ છે. માનવજાતના ઉદ્ધાર માટે વપરાય તો એ આપણા માટે લાભદાયી કહી શકાય અન્યથા એ આપણા માટે અભિશાપ અને આફતનું માધ્યમ છે.

આજના માનવીએ,સાવચેત રહેવાની જરૂરત છે. માનવીએ પોતાના ઉપયોગ માટે ટેકનોલોજીને તાબામાં રાખવી જોઇએ, કયાંક એવું ન થાય કે ટેકનોલોજી એને તાબામાં કરીને બરબાદ કરી આપે.

(૧૭૪) : ઝાલિમ હાકિમઃ

હઝરત અબૂદર્દા રદી.થી રિવાયત છે કે રસૂલુલ્લાહ સલ.એ ફરમાવ્યું કે અલ્લાહતઆલા સાવધ કરે છે કે હું ખુદા છું, મારા સિવાય કોઇ ખુદા નથી, બાદશાહોનો માલિક છું અને બધા બાદશાહોનો બાદશાહ છું, દુનિયાના બાદશાહોના દિલ મારા કબજામાં છે તો યાદ રાખો કે જયારે મારા બંદા મારી ફરમાબરદારી કરે છે તો હું બાદશાહોના દિલ તેમની મુહબ્બતથી ભરી દઉં છું (તો તેઓ પોતાની પ્રજાથી મુહબ્બત કરવા લાગે છે.) અને જયારે મારા બંદા મારી નાફરમાની કરવા લાગે છે તો હું તેમના દિલોને ફેરવીને તેમના દિલોમાં ગુસ્સો અને સખતી નાખી દઉં છું. તો તે બાદશાહ તેમને મોટી મુસીબતોમાં ફાંસી દે છે, માટે તમે પોતાના બાદશાહોને બદદુઆ કરીને બેકાર કાર્યમાં ન લાગો બલકે સૌથી પહેલાં પોતાના સુધારની કોશિશ કરો, જેથી તેમના જુલ્મી વર્તાવથી હું પોતે કાફી થઇ જઇશ.

ઇસ્લામ ચાહે છે કે એક મુસલમાનની નજર એટલી ઊંચી અને બુલંદ હોવી જોઇએ કે તે સારી અને ખરાબ વાતોમાં પોતાના માલિક તરફ ધ્યાન ધરે અને પોતાના દિલમાં વિચાર કરે કે જાહેરી અસબાબ ખુદાની મરજીનું પ્રતિબિંબ છે, એટલા માટે જરૂરી છે કે પોતાના સુધારની કોશિશમાં લાગે જેથી તે ખુદા જાલિમોની ગરદન તોડીને તમારી સામે તેમને ઝુકાવી દે.

(૧૭૫) : કબીરહ ગુનાહોઃ

મોટા ગુનાહો જેના માટે વઇદ (ચેતવણી) આવી છે. તે પચાસ છે, જે તૌબા વગર માફ થતા નથી, જેમાંનો એક ગુનોહ પણ જહન્નમમાં પહોંચાડી આપે છે.

(૧) તુચ્છતાથી કોઇની સામે હસવુ (૨) મહેણાં-ટોણાં (to scoff) આપવા (૩) ખરાબ નામથી કોઇને બોલાવવું (૪) બદગુમાની (ખોટો વિચાર) કરવો (૫) કોઇની એબ (ખામીઓ) શોધવું (૬) કોઇની ગીબત કરવી. (૭) ચાડી ચુગલી કરવી (૮) તોહમત લગાવવી (૯) ધોકો આપવો (૧૦) ઘમંડ કરવો (૧૧) ગર્વ કરવો (૧૨) કોઇની ઇઝ્ઝતને દુઃખ પહોંચાડવું (૧૩) કોઇના માલનું નુકશાન કરવું (૧૪) કોઇ સજીવની તસ્વીર (ચિત્ર) બનાવવું (૧૫) કોઇ દુન્યવી રંજ (દુઃખ)થી ત્રણ દિવસથી વધારે બોલચાલ છોડી દેવી. (૧૬) તંદુરસ્ત માણસે ભીખ માંગવી (૧૭) કાફિરો અને ફાસિકો જેવા કપડાં પહેરવા (૧૮) મર્દોએ ઓરતો જેવા કપડાં પહેરવા (૧૯) ઓરતોએ મર્દો જેવા કપડા પહેરવા. (૨૦) ચોરી કરવી (૨૧) જુઠી ગવાહી આપવી (૨૨) યતીમનો માલ ખાવો (૨૩) મા-બાપની નાફરમાની કરવી અને તેમને તકલીફ પહોંચાડવી (૨૪) જુઠી કસમ ખાવી (૨૫) લાંચ રિશ્વત લેવી અને આપવી (૨૬) કોઇના પર ઝુલ્મ કરવો (૨૭) શરાબ પીવું (૨૮) વ્યાજ લેવુ અથવા દેવું, લખવુ અને શાક્ષી બનવું (૨૯) જુઠુ બોલવું (૩૦) વાયદાનો ભંગ કરવો (૩૧) બેકસુર જાનદારને કતલ કરવું (૩૨)અમાનતમાં ખયાનત કરવું વગેરે..(હયાતુલ મુસ્લિમીન- જઝાઉલ આમાલ)

(૧૭૬) : મોઅમીને કામિલ :

જે વ્યક્તિ સાચા દિલથી અલ્લાહતઆલાની વહદાનિયત (અલ્લાહનું એક હોવુ) અને રસૂલેઅકરમ સલ.ના રસૂલ હોવાનું સ્વીકાર કરે, ઇસ્લામના તમામ અરકાન પર અમલ કરતો હોય તેને કુર્આન અને હદીસની રોશનીમાં સંપૂર્ણ મોઅમીન કહેવામાં આવે છે. જે વ્યક્તિ પણ અલ્લાહના હુકમ અનૂસાર પોતાની ઝીદગી ગુજારશે તો સ્વભાવિક છે કે તે દરેક કામ ઇખ્લાસની સાથે ફકત અલ્લાહતઆલાને રાજી અને ખુશ કરવા માટે જ કરશે.

શરીઅત અને તસવ્વુફ (સુફીવાદ)નો ખુલાસો માત્ર એટલો જ છે કે એક મુસલમાન પોતાના પ્રત્યેક અમલ અને કાર્યને અલ્લાહના હુકમ અનુસાર અદા કરે, કુર્આન અને સુન્નત મુજબ ઝીદગી ગુજારે તે વ્યક્તિ મોઅમીન બલ્કે મુત્તકી (પરહેઝગાર) અને સુફી પણ છે. આમ અલ્લાહના હુકમોની ફરમાબરદારી કરવી અને ફકત અલ્લાહતઆલાના માટે જ નાફરમાનીઓથી બચવું હકીકી શરીઅત અને તરીકત (સુફીવાદ) છે.

ઉપરોકત બાબતો પર આપણે સાચા દિલથી વિચાર કરીએ કે આપણી હાલત અને પરિસ્થિતી શું છે? તો પોતાની જ હકીકત ખબર પડી જશે. અને ઝીદગીની ઉચ-નીચને દુરૂસ્ત કરવુ આસાન થઇ જશે. કારણ કે ઇન્સાનના અંતરાત્મા (conscience) થી વધીને કોઇ માર્ગદર્શક (મુફતી) નથી. નબી સલ.એ પણ ફરમાવ્યું છે કે પોતાના દિલથી માર્ગદર્શન પ્રાપ્ત કરો, અર્થાત દિલથી તટસ્થપણે અને સોચી સમજીને પોતાની ઇસ્લાહ પર ધ્યાન કેન્દ્રિત કરો તથા શરીઅતની તાલીમ પર અમલ કરવાની પુરી કોશીશ કરો.(ઉસૂલે હયાત, ખાનકાહે ઇમદાદિયહ (બનારસ)

(૧૭૭) : ભોગ-વિલાસથી બચો :

હઝરત મુઆઝ બિન જબલ રદી.થી રિવાયત છે કે રસૂલુલ્લાહ સલ.એ જયારે તેમને યમન મોકલ્યા, તો (નસીહતરૂપે) ફરમાવ્યું, “નાઝ-નખરા ભોગવિલાસ અને અય્યાશીથી બચતા રહો. અલ્લાહના નેક બંદાઓ અય્યાશીનું જીવન જીવતા નથી.”(મિશ્કાત શ.)

ખુલાસો:- શરીઅતની ચાહત આ છે કે મહેનત-મુજાહદો (સંઘર્ષ)થી જ સફળતા મળે છે. માણસ જેટલો સંઘર્ષ-મુજાહદો કરશે એટલો જ સફળતાને વળશે. મુજાહદાથી જ દીન-દુનિયામાં સફળતા મળે છે, મુજાહદાથી જ આખિરતમાં ઊંચા મરતબા મળશે.

હુઝૂર સલ.થી પૂછવામાં આવ્યું “સૌથી વધારે સમજદાર કોણ?” જવાબમાં ફરમાવ્યું, “સૌથી વધુ મોતની તૈયારી કરનાર.”

વાત સ્પષ્ટ છે મોતની તૈયારી કરનારાએ અને આખિરતમાં ઊંચો મરતબો પામવા માટે મુજાહદો (સંઘર્ષ) જરૂરી છે. ભોગ-વિલાસી સુખ સાહયબી – અય્યાશી એ ગાફિલ-લાપરવાહ માણસોનું કામ છે.

મુસલમાન દુનિયામાં મુસાફિર પેઠે જીવન ગુજારે છે, મુસાફિર સફર દરમિયાન ઝાડ નીચે થોડોક આરામ કરી ચાલતો બને છે, મુસલમાન-મુઅમિન પાસે એટલો સમય હોતો જ નથી કે પોતાની મનેચ્છાઓને તાબે રહે, અય્યાશી કરે, મુઅમિન જરૂરત પૂરતી વસ્તુઓ પર ગુજારો કરી, આખિરતની ફિકર સાથે ઝીદગી પસાર કરી લેતો હોય છે.

અઝ:- તબ્લીગ માસિક (દા.ઉ. તારાપૂર) આણંદ

(૧૭૮) : માફી માંગનારને દિલથી માફ કરો :

હઝરત જાબિર રદી.થી રિવાયત છે કે રસૂલુલ્લાહ સલ.એ ફરમાવ્યું કે જે માણસ પોતાની ભૂલનો સ્વીકાર કરીને પોતાના ભાઇથી માફી માંગે પરંતુ તેની ઉપર પણ તે તેની ભૂલ કબૂલ ન કરે તો તેને તે ગુનોહ થશે જે જાલિમ ટેક્સ વસુલ કરનારને થશે. (મિશ્કાત શ. – ૪૨૯)

ખુલાસો:- ઇસ્લામી સમાજની રૂહ ભાઇચારા અને નિષ્ઠા ઉપર આધારિત છે માટે તે તેને બરદાશ્ત કરી શકતો નથી કે બે મુસલમાનોમાં પરસ્પર દુશ્મની હોય, જો કોઇથી ભૂલ થઇ જાય અને તે તેનાથી નારાજ થઇ જાય છે તો આ આપની ફરજ બને છે કે પોતાની ભૂલનો સ્વીકાર કરીને માફી માંગીને પોતે પહેલ કરે, પછી જયારે આટલું કરીને પોતાની તબિયત વિરૂદ્ધ આપણે કદમ ઉઠાવ્યો તો શરીઅત આ તાકીદ કરે છે કે બીજી વ્યક્તિની હવે ફરજ બને છે કે તે તેની હમદર્દીની કદર કરે અને તેને અલ્લાહ માટે માફ કરી દે. જો કે તેનું દિલ હઝાર વખત તેને માફ કરવા પર તૈયાર ન હોય અને એવું સમજાવવું કે પહેલી ભૂલ તો તેની હતી પરંતુ હવે તેને માફ ન કરીને તું મોટી ભૂલ કરી રહ્યો છે. જો આપણે તેની ઉપર અમલ કરીએ તો આપણી જિંદગી કેટલી મીઠી બની જાય.

(૧૭૯) : માહે રજબ :

આ ઇસ્લામી વર્ષનો સાતમો મહીનો છે. રજબનો અર્થ કુરબાની અને ઇઝઝતનો છે. નબીએકરીમ સલ.આ મહીનાનો ચાંદ જોઇને આ દુઆ પઢતા હતા.

اَللّٰهُمَّ بَارِكْ لَنَا فِيْ رَجَبَ وَشَعْبَانَ
وَبَلِّغْنَا رَمَضَانَ ط

“અલ્લાહુમ્મ બારિકલના ફી રજબ વ શઅબાન વ બલ્લિગના રમઝાન” **તર્જુમો:-** યા-અલ્લાહ! અમારા માટે રજબ અને શઅબાનના મહીનામાં બરકત આપ અને અમોને રમઝાન સુધી ખેરિયતના સાથે પહોંચાડી દે. આ મહીનાની સત્તાવીસમી રાતના જનાબ નબીએ કરીમ સલ.ને જિસ્મે મુબારકના સાથે મે’રાજ શરીફ થઇ. આપ સલ. મક્કા મુઅઝઝમાથી બય્તુલ મુકદ્દસ, ત્યાંથી સાતમાં આસ્માન પર પહોંચ્યા અહી સુધી કે અર્શે અઝીમ પર પહોંચીને અલ્લાહતઆલાનો દીદાર અને વાતચીત કરવાનો મોકો અર્પણ થયો અને આપને પાંચ વખતની નમાઝનો તોહફો મળ્યો, મે’રાજનો આ અઝીમુશ્શાન મરતબો આપ સલ. સિવાય અન્ય કોઇ પયગમ્બરને નસીબ થયો નથી.

(અઝ: બારહ મહીનેંકે ફઝાઇલ, દા.ઊ. કંથારીઆ)

(૧૮૦) : માહે રજબ અને હઝારી રોઝો :

આપ સલ.ને મે'રાજ જેવી મોટી નેઅમત જે મહીનામાં આપવામાં આવી, એ એક ખાસ ફઝીલત રાખે છે અને એમાં ઇબાદત કરવાનો વધારે સવાબ છે પરંતુ આ વાત પણ સહીહ છે કે ફઝીલતની કોઇ હદ અલ્લાહતઆલા અને રસુલુલ્લાહ સલ.ના વિવરણ ના વગર નક્કી નથી થઇ શકતી,એવીજ રીતે કોઇ પણ અમલની નિયુક્તિ પણ અલ્લાહતઆલા અને રસુલુલ્લાહ સલ.ના હુકમ પર આધારીત છે,બસ ફકત આટલુ જ જોવાનુ છે કે આ મહિનાના મુતઅલ્લિક જે આમાલ મશહુર છે એનો શરીઅતમાં શું હુકમ છે?

આમ તોર પર લોકો રજબ મહીનાની સત્તાવીસમી તારીખનો રોઝો રાખવાનો સવાબ એક હઝાર રોઝહના બરાબર સમજે છે, એટલા માટે એને હઝારી રોઝો કહે છે, પરંતુ આ ફઝીલત સાબીત નથી, એટલા માટે કે વધુ પડતી રિવાયત તો આના બારામાં સહીહ નથી, એટલા માટે આ રોઝાના બારામાં સુન્નત હોવાનો ભરોસો ન રાખવામાં આવે, જો કોઇ માણસ હઝાર રોઝાના બરાબર સવાબ ન સમજે પરંતુ ફકત ફઝીલત હોવાનો દિવસ સમજી રોઝો રાખે તો એમા કોઇ વાંધો નથી જેમ કે શામી વગેરહ માં ખુલાસો છે. (અઝ: બારહ મહીનેંકે ફઝાઇલ, દા.ઊ. કંથારીઆ)

(૧૮૧) કબ્રોની ઝિયારતનો મસ્નૂન તરીકો :

અઠવાડીયામાં એકવાર કબ્રસ્તાન જવું જોઇએ, જુમેરાત,જુમ્આ, શનીવાર અને સોમવારનો દિવસ અફઝલ છે, કબ્રસ્તાનમાં દાખલ થઇ ને સલામ કરે...

“અસ્સલામુ અલયકુમ યા અહલલ કુબુર-યગફિરૂલ્લાહુ લના વલકુમ-અન્તુ સલફુના વનહનુ બિલ અસર” તર્જુમો:- એ કબરવાળાઓ તમારા ઉપર સલામતી થાઓ, તમારી અને અમારી અલ્લાહતઆલા મગફિરત ફરમાવે, તમો અમારા પહેલા આવ્યા છો, અને અમો તમારા પછી આવનાર છીએ. (મિશ્કાત શ./ ૧૫૪)

પછી મય્યિતના પગો તરફથી ચેહરાની સામે આવીને ઉભા થઇ ને દુઆ કરે. (જો હાથ ઉઠાવીને દુઆ કરવી હોય તો મોઢુ કિબલાની તરફ અને પીઠ કબરના તરફ કરે) અને જો બેસવા ચાહે તો ઝિંદગીમાં મય્યિત સાથેના સંબંધ મુતાબિક નઝદીક અથવા દૂર બેસે, જે રીતે થઇ શકે તિલાવત કરે, ખાસ કરીને “સૂરએ બકરહ” શરૂથી “મુફલીહુન” સુધી, આયાતુલ કુર્સી, આમનર્રસુલુ..., સૂરએ યાસીન, સૂરએ મુલ્ક, સૂરએ તકાષુર અને સૂરએ ઇખ્લાસ બાર અથવા અગીયાર અથવા સાત અથવા ત્રણ વાર પઢીને ઇસાલે સવાબ કરે. (શામી – ૧/૬૬૫-૬૬૬) દુરૂદ શરીફ કે જે હદીસોમાં આવ્યું છે એનુ પઢવું અફઝલ છે. (અઝ: મુફતી ઇસ્માઇલ વાડીવાલા રહ.)

(૧૮૨): માહે શઅબાન:

ઇસ્લામી મહીનાઓમાં આ આઠમો મહીનો છે, આ મહીનો પણ ઘણી બરકત અને ફઝીલતવાળો છે. હુઝુર સલ.એ ફરમાવ્યું “શઅબાન મારો મહીનો છે, અને રમઝાન અલ્લાહનો મહીનો છે.” (દયલમી)

જે મહીનાની નિસ્બત નબીએ કરીમ સલ.એ પોતાના તરફ બતાવી છે તે કેટલી મોટી વાત છે, એક હદીસમાં છે કે આપ સલ. આ મહીનાનો ચાંદ જોઇ આ દુઆ પઢતા હતા “અલ્લાહુમ્મ બારિક લના ફી રજબ વ શઅબાન વબલ્લિગના રમઝાન” એ અલ્લાહ! રજબ અને શઅબાનના મહીનામાં હમારા માટે બરકત અતા ફરમાવ અને હમોને ખૈરિયતના સાથે રમઝાન સુધી પહોંચાડી દે. (એટલે કે રમઝાનના ઇસ્તિકબાલ અને એહતેરામની તૌફિક અતા ફરમાવ.)

હઝરત અનસ રદી. ફરમાવે છે કે આ મહીનાનું નામ શઅબાન એટલા માટે રાખવામાં આવેલુ છે કે રોઝહદારની નેકીઓમાં ડાળીઓની જેમ વધારો થાય છે, અને નેકીઓ વધતી જાય છે .હઝરત આયશા રદી. ફરમાવે છે કે મે નબીએ કરીમ સલ.ને શઅબાનના મહીનાથી વધારે રોઝહ રાખતા અન્ય મહીનામાં નથી જોયા.

(૧૮૩)
: માહે શઅબાનના રોઝહની ફઝીલત:

એકવાર હઝ.ઉસામા રદી.એ પુછયું યા રસુલુલ્લાહ સલ.! હું આપને શઅબાનમાં વધારે રોઝહ રાખતા જોઉ છું (એનુ શું કારણ) તો આપ સલ.એ જવાબ આપ્યો કે આ મહીનો એવો છે જે રજબ અને રમઝાનના વચમાં છે. લોકો એની ફઝીલતથી અજાણ છે,

આ મહીનામાં અલ્લાહતઆલાના સામે બંદાઓના અમલો પેશ (રજુ) કરવામાં આવે છે મારી ખ્વાહિશ આ છે કે જયારે મારા અમલો રજુ થાય તો મારી ગણત્રી રોઝહદારોમાં થાય. (નસાઇ) આનાથી શઅબાન મહીનાના રોઝહની ફઝીલતનો અંદાઝો થાય છે. આ મહીનાના રોઝહની મિસાલ ફર્ઝ નમાઝથી પહેલા સુન્નતો જેવી છે. આ સુન્નતોથી ફાયદો એ થાય છે કે ઇન્સાનનુ દીલ ફર્ઝ નમાઝમાં વધુ લાગે (કેન્દ્રિત થાય) છે એવીજ રીતે શઅબાનમાં રોઝા રાખવાથી નફસને રમઝાનના રોઝહ રાખવાથી મુનાસબત, ઉન્સ અને તઅલ્લુક પૈદા થાય છે.

આ મહીનાની ૧૫મી રાતની જે ફઝીલત છે તે પૂરા મહીનાની નથી. જેને **શબેબરાઅત** (છુટકારાની રાત) કહેવામાં આવે છે. ઉપરાંત આ રાતને લયલતુલ બરાઅહ.. (દોઝખથી છુટકારાની રાત) પણ કહેવામાં આવે છે.

(૧૮૪)

: શઅબાનની ૧૫મી રાતની ફઝીલત:

કુ.શરીફમાં અલ્લાહતઆલાએ આ રાતને લયલતુલ મુબારક ફરમાવ્યું છે. કુર્આનશરીફમાં ઈર્શાદ છે આ રાતમાં દરેક હિકમત વાળા કામો અમારા તરફથી નક્કી કરવામાં આવે છે, (સુ.દુખાન)

આ રાતમાં પૂરા વર્ષનો રિપોર્ટ તૈયાર કરવામાં આવે છે. રોઝી, બીમારી, તંદુરસ્તી, તંગી-વિશાળતા, રાહત-તકલીફ મૌત અને પૈદા થવાવાળાનો વખત લખી આપવામાં આવે છે.

એક રિવાયતમાં છે કે શઅબાનની ૧૫મી રાતના મલિકુલ મૌત (મૌતના ફરિશ્તા)ને એક લિસ્ટ આપવામાં આવે છે અને હુકમ આપવામાં આવે છે કે પૂરા વરસમાં મરનારાઓના નામ નોંધ કરી લો, કોઇ માણસ ખેતી કરે છે, કોઇ નિકાહ કરે છે, કોઇ બિલ્ડીગ બનાવવામાં મશ્ગુલ છે - પરંતુ એને ખબર નથી કે એનુ નામ મુરદાઓની લિસ્ટમાં લખાયેલુ હોય છે.

એક હદીસમાં છે કે અલ્લાહતઆલા ચાર રાતોમાં બંદાઓ પર રહમત અને ખૈરના દરવાજા ખોલી આપે છે. અને આ રહમતનો મામલો સવારની અઝાન સુધી રહે છે. તે રાતો આ છે. (૧) ઇદુદુહાની રાત (૨) ઇદુલફિત્રની રાત (૩) શઅબાનની પંદરમી રાત. (૪) અરફહની રાત

(૧૮૫)

: શઅબાનની ૧૫મી રાતના અમલ:

હઝ. અલી રદી.ફરમાવે છે કે નબીએ કરીમ સલ.એ ઇરશાદ ફરમાવ્યું કે જયારે શઅબાનની ૧૫મી રાત હોય તો એ રાતના ઇબાદત કરો! દિવસના રોઝો રાખો. એ રાતના અલ્લાહતઆલા મગરિબથી આસમાને દુનિયા પર પોતાની રહમતો સાથે ઉતરે છે અને ઇરશાદ ફરમાવે છે કે “કોઇ બખ્શિશનો તલબગાર છે જેને હુ બક્ષી આપુ, છે કોઇ રોઝીનો તલબગાર કે એને રોઝી આપુ, છે કોઇ મુસીબતઝદા કે એને આફિયત આપુ.” આ એલાન સુબ્હેસાદિક સુધી રહે છે. (ઇબ્ને માજહ)

હઝ.અબૂબકર સિદ્દીક રદી. ફરમાવે છે કે નબીએ કરીમ સલ.એ ફરમાવ્યું કે અલ્લાહતઆલા શઅબાનની ૧૫મી રાતના આસમાને દુનિયા પર નુઝૂલ ફરમાવે છે, અને જે ગુનેહગાર પોતાના ગુનાહોની માફી માંગે છે તો એની મગફિરત ફરમાવે છે પરંતુ મુશ્રિકની મગફિરત નથી કરતા, કીનો રાખનાર,અદાવત અને દુશ્મની રાખનારની પણ મગફિરત નથી ફરમાવતા. (બયહકી)

આ રાતનું નામ શબેબરાઅત (છુટકારાની રાત) એટલાજ માટે રાખવામાં આવ્યું છે કે તેમાં અલ્લાહ તઆલા ગુનેહગારોને જહન્નમના અઝાબથી મુકત કરી આપે છે. (બયહકી)

(૧૮૬) શઅબાનની ૧૫મી રાતની બરકતથી મહરૂમ લોકોઃ

હદીસોમાં એવા બદકિસ્મત લોકોનો પણ ઝિક્ર છે જેમની આ બરકતવંત રાતમાં પણ બખ્શિશ નથી થતી, એ બદકિસ્મત લોકો આ પ્રમાણે છે. મુશરિક, જાદૂગર, કાહિન, જલ્લાદ, જબરદસ્તી ટેક્ષ વસુલ કરનાર, જુગાર રમનાર, વાજુ (મ્યુંઝીક) વગાડનાર અને એમા ભાગ લેનાર, શરાબનો આદી, માં-બાપને સતાવનાર, ઘુંટીઓના નીચે કપડા પહેરનાર, ઝિનાકાર ઓરત અને ઝિનાકાર મર્દ, લોકોથી કીનો અને બુગ્ઝ રાખવાવાળો, વગર કારણે તઅલ્લુક તોડવાવાળા.

હઝરત ખ્વાજા હસન બસરી રહ. અકસર પોતાના ઘરેથી શઅબાનના વચગાળાના દિવસ એટલેકે ૧૫ તારીખના બહાર નીકળતા તો એમનો ચેહરો એવો થઇ જતો જેમ કે કોઇ મુરદાર માણસ નીકળી આવ્યો હોય, લોકોએ આનુ કારણ પૂછ્યું તો ફરમાવ્યું કે હું મારા ગુનાહો પર નઝર રાખુ છું અને અલ્લાહના મુઆખઝા (પૂછ) થી ડરુ છું, મને ખબર નથી કે મારા આમાલ કબુલ કરવામાં આવશે કે રદ કરવામાં આવશે. (ગુન્યતુત્તાલિબીન)

(૧૮૭) શઅબાનની ૧૫મી રાત કેવીરીતે ગુઝારવી :

(૧) આ રાતમાં ઇબાદત અને ઝિક્ર તિલાવત કરવા માટે ગુસલ કરી લેવું મુસ્તહબ છે, (૨) ઇશા અને ફજરની નમાઝ જમાઅત સાથે અદા કરવી. (૩) જેટલી સહુલત અને આસાનીથી થઇ શકે આ રાત નવાફિલ અને ઝિક્ર તિલાવતમાં ગુઝારે, (૪) કોઇ માણસ ગલત વસ્તુઓથી બચીને કબ્રસ્તાન જવા ચાહે તો જઇ શકે છે. (૫) સિહત-આફિયત, રહમત-બખ્શિશ, અને દરેક જાઇઝ મકસદ માટે ખુબ દુઆ કરે. (૬) શઅબાનની ૧૫મી તારીખનો રોઝો રાખવો. (૭) જે ગુનાહોની નહુસત આ મુબારક રાતોની બરકતથી મહરૂમ કરી આપે એનાથી બચે અને સાચા દિલથી તૌબા કરે અને બીજા ગુનાહોથી પણ તૌબા કરે. (અઝ: શબેમગફિરત પેજ-૧૬ – મુફતી અ.રઉફ સખ્ખરવી સા.) (૮) આ રાતમાં કબ્રસ્તાનમાં જઇ મર્હુમો માટે દુઆ કરે, અને એમને પઢીને બક્ષી આપે, પરંતુ જમાઅત (ટોળું) બનીને ન જવું જોઇએ, મતલબ કે કોઇ પ્રકારના આયોજન વગર પોત પોતાની રીતે જવુ જોઇએ, સુન્નત આજ પ્રમાણે છે. અસલ મકસદ મુરદાઓના માટે ઇસાલે સવાબ છે. (૯) આ રાતમાં જાગીને ઇબાદત કરવું અફઝલ છે, ચાહે એકાંતમાં હોય કે જાહેરમાં. પરંતુ સામુહિક ઇબાદતનો પ્રબંધ કરવો જોઇએ નહી. (૧૦) નફલ નમાઝોમાં લાબા લાબા સજદા કરવા અને દુઆઓ કરવી.

કયામતની નિશાનીઓ :

કિયામતની નિશાનીઓ વિષે હઝરત અલી કર્રમલ્લાહુ વજહહુથી રિવાયત છે કે :- **પૈગમ્બરે ખુદા સલ.એ ફરમાવ્યું કે..**

(૧) જયારે હાકિમો જમીન અને દેશના લગાન તેમજ મહેસૂલને પોતાની અંગત દૌલત બનાવશે (અર્થાત્ તેને શરીઅત અનુસાર ખર્ચ ન કરશે), **(૨)** જયારે (મુસ્લિમો)ઝકાત દંડ તરીકે અદા કરે (અર્થાત્ ઝકાતને ઇબાદતના બદલે દંડ સમજશે) **(૩)** જયારે (કાફિરોથી જિહાદમાં હાસિલ કરવામાં આવતા)ગનીમતના માલની જેમ અમાનતને (પોતે વાપરવું)હલાલ અને તય્યિબ (પવિત્ર)સમજશે, **(૪)** જયારે પતિ પોતાની પત્નીની અયોગ્ય ફરમાંબરદારી કરશે,**(૫)** જયારે ઔલાદ માતા-પિતાની નાફરમાની કરે અને બૂરા લોકોથી દોસ્તી કરશે,**(૬)** જયારે દીનનો ઇલ્મ દુનિયાની ગરજથી શીખવામાં આવશે,**(૭)** જયારે દરેક કબીલા અને કૌમમાં એવા લોકો સરદાર બની જશે જેઓ તે લોકોમાં સૌથી વધારે નીચે,ખરાબ સ્વભાવના, લાલચુ હશે,**(૮)** જયારે વ્યવસ્થાઓ(વહીવટ) એવા લોકોને સોંપવામાં આવશે જે એના લાયક ન હશે, **(૯)** જયારે ખૌફ અને નુકસાનના કારણે એવા આદમીઓની તા’ઝીમ અને સન્માન કરવામાં આવશે જે શરીઅતના ખિલાફ હોય,**(૧૦)** જયારે શરાબ ખુલ્લમ ખુલ્લા પીવાવા લાગશે, (બાકી..)

અઝ કિતાબ: શાહ રફીઉદ્દીન મુહદ્દિસે દહલવી રહ.

કયામતની નિશાનીઓ :

(૧૧) જયારે ખેલ-કુદના સાધનોનો અને નાચવા-ગાવાનો રિવાજ થઇ જશે, **(૧૨)** જયારે ઝિનાકારી (વ્યભિચાર)ખુબ વધી જશે, **(૧૩)** જયારે ઉમ્મતના પાછલા લોકો આગલા લોકો પર લઅનત કરવા અને મહેણાં-ટોણં મારવા લાગશે... **ત્યારે વાવાઝોડું અને ખૂબ જ લાલરંગની આંધી અને અઝાબની બીજી નિશાનીઓના આવવાનો ઇન્તિઝાર કરો.** જેમકે :- **(૧૪)** જમીન ધસી જવી (ધરતીકંપ થવો) **(૧૫)** આસમાનથી પથ્થરોની વર્ષા થવી, **(૧૬)** સૂરતો (ચહેરાઓ) બદલાઇ જવા.. **એ સિવાય બીજી નિશાનીઓ પણ એ પ્રમાણે એક પછી એક જાહેર થવા લાગશે જેવી રીતે તસ્બીહનો દોરો તૂટી જવાથી તેના દાણાંઓ એક પછી એક નીચે પડવા લાગે છે.**

બીજી હદીષોમાં કિયામતની નિશાનીઓ નીચે પ્રમાણે દર્શાવવામાં આવી છે :-

(૧૭) લોંડીઓ (ગુલામ ઔરતો)ની ઔલાદની પુષ્કળતા,(૧૮) ઇલ્મ વગરના અને બેઅદબ (અસભ્ય) તેમજ નવા દૌલતમંદોની હુકૂમત, **(૧૯)** ઇગ્લામબાઝી(છોકરાઓ સાથે સૃષ્ટિ વિરુદ્ધ કાર્ય કરવુ) **(૨૦)** ચપ્પીબાઝી (પરાઇ ઔરતો પાસે શરીરની માલિસ (મસાજ)કરાવવું **(બાકી..)**

અઝ કિતાબ: શાહ રફીઉદ્દીન મુહદ્દિસે દહલવી રહ.

(૧૯૦) કયામતની નિશાનીઓ :

(૨૧) મસ્જિદોમાં ખેલ-કુદ કરવું, (મસ્જિદોને વાતચીત/ચર્ચાનું કેન્દ્ર/અડ્ડો બનાવવો. તરગીબ ૨૦૫/૧) **(૨૨)** મુલાકાતના સમયે સલામ કરવાના બદલે ગાળ-ગલોચ કરવી, **(૨૩)** (શરઇ) ઉલૂમ (વિદ્યા) નું ઓછું થવું,**(૨૪)** જૂઠું બોલવાને હુન્નર (કળા) સમજવું,**(૨૫)** દિલોમાંથી અમાનત અને દિયાનત (પ્રામાણિકતા) નીકળી જવી,**(૨૬)** ફાસિકો(નાફરમાનો-શરીઅત વિરૂધ્ધ કુત્ય આચરનાર)નો ઇલ્મ શીખવો,**(૨૭)** શર્મ અને હયાનું જતું રહેવું,**(૨૮)** મુસલમાનો પર કાફિરોનું ચારે તરફથી આક્રમણ કરવું,**(૨૯)** ઝુલ્મ એટલા પ્રમાણમાં વધી જવા કે જેનાથી બચવું મુશ્કિલ થવું, **(૩૦)** બાતિલ મઝહબો,જુઠી (બનાવટી) હદીષો અને બિદઅતોનું વધી જવું. **(૩૧)** અલ્લાહનો ડર,સાચી વાતને ઓળખવાની શકિત અને આખિરતનો ખૌફ લોકોના દિલોમાંથી નીકળી જશે.**(૩૨)** શરમ અને હયા જતી રહેશે જેના કરણે લોકો ગધેડા અને કૂતરાની જેમ રસ્તા પર ઝિના (વ્યભિચાર) કરશે. (આજે અમેરિકા વગેરે યૂરોપના દેશોમાં એ જ હાલત છે.) **(૩૩)** હાકિમોનો ઝુલ્મ અને જહાલત તથા પ્રજાની એક બીજા સાથે મારામારી વધતી જશે.**(૩૪)** દુકાળ, મુસીબત(આફત) અને લુટ-ફાટ એક પછી એક થવા લાગશે.અઝ કિતાબ: શાહ રફીઉદ્દીન મુહદ્દિસે દહલવી રહ.

(૧૯૧)બિસ્મિલ્લાહની બરકત(Power)

મુફતીએ ગુજરાત હઝ.સૈયદ મુફતી અબ્દુર્રહીમ લાજપુરી રહ.થી અનેકવાર સાંભળ્યું છે કે એકવાર રાત્રે મારી આંખ ખુલી તો મેં એક નાના બાળકને જોયું કે કબાટ ખોલીને તેમાંથી કોઇ ખાવાની વસ્તુ કાઢીને ખાધી(તે ઝમાનામાં ફ્રીજ ન હતા)હકીકતમાં તે જીન્નાત હતો શેતાન પણ જીન્નાત કોમમાંથી જ છે,તેથી જો બિસ્મિલ્લાહ પઢીને આ બાબતમાં કાળજી(ધ્યાન) રાખવામાં આવે તો આવી ચીઝોથી હિફાઝત(સુરક્ષા)રહે છે.બિસ્મિલ્લાહ પઢીને વસ્તુઓ મુકવામાં આવે- કબાટ કે ઘરનો દરવાઝો બંધ કરવામાં આવે તો શેતાનથી હિફાઝત રહે છે.

એક પરિચિત વ્યકિતએ જણાવ્યુંકે ઘરમાં ઘણી પરેશાની/તકલીફ રહેતી હતી પરંતુ જયારે હુઝુર સલ.ની આ તાલીમ (હિદાયત) પર અમલની પાબંદી શરૂ કરી કે બિસ્મિલ્લાહ પઢીને ઘરનો દરવાજો બંધ કરવાનું શરૂ કર્યું તો આ પરેશાનીથી છૂટકારો મળ્યો.પછી કોઇક અમલ(વિધિ) કરવાથી માલૂમ થયુંકે એક જીન્નાત હતો ઘરમાં આવતો-જતો રહેતો હતો,અને તે જીન્નાતેજ પોતે જણાવ્યું કે જે દિવસથી તમે બિસ્મિલ્લાહ બોલીને ઘરનો દરવાજો બંધ કરવાનું શરૂ કર્યું તે દિવસથી અંદર દાખલ થવાની અમારી હિંમત નથી થતી.

(અઝ.કિતાબ હદીસકે ઇસ્લાહી મઝામીન- મુફતી અહમદ ખાનપુરી સાહબ.દા.બ.)

(૧૯૨)

ઝિક્રે રસૂલ સલ.ની બરકતોઃ

હકીમુલ ઉમ્મત મૌલાના અશરફઅલી થાનવી રહ.એ સરવરે આલમ સલલ્લાહુ અલયહી વસલ્લમની મોહબ્બતમાં એક કિતાબ લખી જેનું નામ 'નશ્રુત્તય્યિબ ફી ઝિકરીન્નબી....'' છે આ કિતાબ રસુલુલ્લાહ સલ.ની મોહબ્બતથી ભરપૂર છે,જેથી માલૂમ પડે છે કે લેખક આપ સલ.ની મોહબ્બતમાં કેટલા ગળાડૂબ હતા.

જયારે હઝ.થાનવી રહ. હુઝૂર સલ.ની ફઝીલત વિષયે આ કિતાબ લખી રહયા હતા તે સમયમાં થાનાભવન(એમના ગામ)માં પ્લેગ ફેલાયેલો હતો. પરંતુ જે દિવસે કિતાબ લખતા હતા તે દિવસે કસ્બામાં કોઇ મોત ન થતી હતી, અને જે દિવસે ખાલી રહે તે દિવસે કેટલાય મોત થઇ જતા હતા. જયારે હઝરત થાનવી રહ.ને આ વાતની ખબર પડી તો તેઓ દરરોજ લખવા લાગ્યા તો ત્યાં પ્લેગ ખતમ થઇ ગયો- માટે દુરૂદ શરીફનો વધારે ઝિક્ર મુસીબતોને ટાળવા માટે પણ અકસીર છે. ઉપરાંત એક વાર દુરૂદ શરીફ પઢવા માટે દસ નેકીઓ મળે છે,દસ દરજા બુલંદ થાય છે અને દસ ગુનાહ માફ થાય છે અને હુઝૂર સલ.ની મોહબ્બતનો હક અદા થાય છે.

(આદાબે ઇશ્કે રસુલ સલ.) અઝ.આરિફબિલ્લાહ હઝ.મૌલાના હકીમ અખ્તર સાહબ રહ.)

(૧૯૩)

:માહે મુબારકનુ આગમન :

રમઝાનુલ મુબારક ઇસ્લામી વર્ષનો સૌથી બરકતવંત અને પવિત્ર માસ છે. આ માસ ઈસ્લામના એક સૌથી અગત્યના અને ઈઝઝતવંત રૂકન (pillar) ના અદા કરવાનો માધ્યમ તથા મુસલમાનો માટે અલ્લાહપાકને રાજી કરવા અને અલ્લાહની નઝદીકી પ્રાપ્ત કરવાનો ખાસ મોકો હોય છે. આ માસને કુર્ઑનપાકના નાઝિલ થવાના આરંભ તથા હઝાર માસથી વધુ બહેતર એવી લયલતુલ કદ્ર જેવી અમુલ્ય નેઅમત પ્રાપ્ત છે.

રમઝાનુલ મુબારકની સાચી કદર, તેનો હક અદા કરવાની ફિકર તેમજ આ કિંમતી દોલતને લૂંટવાના અને તેનાથી વધુમાં વધુ ફાયદો ઉઠાવવાની તરગીબ (પ્રોત્સાહન) અને યાદ અપાવવા (remind) માટે દરેક સમયમાં ઉમ્મતના વડીલો અને જે તે સમય ના બુઝર્ગોનો મઅમૂલ રહયો છે. જેના માટે કિતાબો અન લેખો લખ્યા છે જેની એક લાંબી શ્રેણી છે.

અઝ કિતાબઃ હઝ.મૌ.ઝકરિયા સા.(ર.હ.) કે મઅમૂલાતે રમઝાન.

(૧૯૪) રમઝાનનો ઇન્તિઝાર

(waiting for Ramzan)

બુઝુર્ગોને ત્યાં(હઝ.મૌલાના ઝકરીયા સા.રહ)માહે મુબારક રમઝાનુલ મુબારકનો એવો ઇન્તિઝાર અને તૈયારી, તેની કદર, તેના હકો અદા કરવાનો એહતેમામ અને તત્પરતા, ખાસ ઇબાદતો, ઝિક્ર તિલાવત અને ઇબાદતમાં એટલી વ્યસ્તતા (ધૂન) રહેતી કે એનો અંદાઝ જોઇને જ આવી શકે...આનો સંબંધ જોવાથી થઇ શકે ન કે કહેવાથી.

બુઝુર્ગોની તાબેદારી અને તરીકા પ્રમાણે હઝ.શેખ ઝકરીયા રહ.નો રમઝાનુલ મુબારકમાં મઅમૂલ (નિત્યક્રમ) ઇબાદત માટે ખાસ હતો. બધી જ અન્ય ઇલ્મી અને ગેર ઇલ્મી પ્રવૃત્તિઓ એકદમ અટકાવી દેવામા આવતી. સંપૂર્ણ રીતે અલ્લાહતઆલા તરફ કેન્દ્રિત થઇ જવાનો રહયો છે. કેટલાક ચુનંદા મુરીદો(આરંભમાં માત્ર દસ બાર) ત્યા આવતા અને ઇબાદતમાં શામેલ રહેતા, રમઝાનના મુબારક દિવસોમાં તેમની હિંમત અડગતા, કુરબાની-ત્યાગભાવ, દુનયાથી બેપરવાઇ અને માનવ સેવાનો મોટો સબક જોવા મળે છે. કાશ આપણને પણ આવા ઉચ્ચ ગુણોમાંથી હિસ્સો નસીબ થાય.

(જુઓ અકાબિરકા રમઝાન)

(૧૯૫) : ઝકાતનો નિસાબ :

જેની પાસે સાડાસાત તોલા સોનું, અથવા સાડાબાવન તોલા ચાંદી (હાલનાં વજન પ્રમાણે લગભગ 87½ ગ્રામ સોનું અથવા 612½ ગ્રામ ચાંદી) અથવા એ બન્નેમાંથી કોઇ એકની કિંમત બરાબર રોકડ રકમ હોય અથવા વેપાર માટેનો માલ હોય તો તેનાં ઉપર ઝકાત ફર્ઝ છે. વર્ષ પુરૂં થયે સેંકડે અઢી રૂપિયા (2½%) ના હિસાબથી ઝકાત કાઢવી જોઇએ. અગર કર્ઝ હોય તો કર્ઝ બાદ કરી સાડાબાવન તોલા ચાંદીની કિંમત બરાબર રોકડ રકમ બાકી રહે અથવા વેપાર માટેના માલની કિંમત બાકી રહે તો તેના ઉપર ઝકાત લાઝીમ થશે. (હિદાયહ)

લગાવવામાં ગરીબોના ફાયદાનો ખ્યાલ રાખવો જોઇએ અને અગર સોના ચાંદી બન્નેમાંથી કોઇ એકની કિંમત બરાબર પણ નિસાબ ન થતો હોય તો ઝકાત લાઝિમ થશે નહી. વેપાર માટેનો માલ જે વેચવા અને નફો મેળવવા માટે હોય એવા દરેક પ્રકારનાં વેપાર માટેના માલ પર ઝકાત ફર્ઝ છે. (હિદાયહ) **(અઝ કિતાબ અરકાને ઇસ્લામ:- મુફ્તી ઇસ્માઇલ વાડીવાલા સાહબ રહ.)**

(૧૯૬) ઝકાત અદા કરવાનો તરીકો

વર્ષ પુરૂં થયે હિસાબ કરી જેટલી ઝકાત લાઝિમ થતી હોય તે રકમ કોઇ ગરીબને કોઇ કામનાં એવઝ વગર આપી માલિક બનાવી દેવામાં આવે, પગાર તરીકે કે મહેનતાણામાં ઝકાત આપવાથી ઝકાત અદા થશે નહી ગરીબને ઝકાત દેતી વખતે અથવા પોતાનાં માલમાંથી ઝકાતની રકમ અલગ કરતી વખતે નિય્યત કરવું જરૂરી છે. દિલમાં એ પ્રમાણે નિય્યત કરી લેવામાં આવે કે આ ઝકાતની રકમ છે. ગરીબને ઝકાતની રકમ છે, એમ કહેવું જરૂરી નથી. બલકે દિલમાં ઝકાતની નિય્યત કરી ઇંદી કે બખ્શિસ તરીકે આપવામાં આવે તો પણ દુરૂસ્ત છે. **મસ્અલો:-** જે જગ્યાએ માલ હોય તે જગ્યાએ માલની જે કિંમત ચાલતી હોય ત્યાંની કિંમતના હિસાબે જકાત અદા કરવી જરૂરી છે. (શામી ૨૪/૨)

ઝકાતના હકદારો :- (૧) ફકીર જેનાં પાસે નિસાબથી ઓછો માલ હોય (૨) મિસ્કીન જેનાં પાસે કંઇ ન હોય (૩) કર્જદાર જેનાં ઉપર લોકોના કર્જ હોય અને તેના પાસે પોતાનાં કર્ઝથી વધુ નિસાબ બરાબર માલ ન હોય (૪) ફી સબીલીલ્લાહ જે લોકો અલ્લાહની ઇબાદત અને નેક રસ્તામાં લાગેલા છે જેવી રીતે દીની ઇલ્મ શીખનાર વિગેરે. (બદાએ ઉસ્સનાએઅ) (૫) મુસાફિર જેનાં ઘરે તો માલ હોય પરંતુ સફરમાં મોહતાજ થઇ ગયો હોય તો તેને જરૂરત પ્રમાણે ઝકાત આપવી દુરૂસ્ત છે.

(અઝ કિતાબ અરકાને ઇસ્લામ:- મુફતી ઇસ્માઇલ વાડીવાલા સાહબ રહ.)

(૧૯૭): જે લોકોને ઝકાત આપવું જાઇઝ નથી:

(૧) માલદાર કે જેનાં ઉપર ઝકાત ફર્ઝ હોય અથવા નિસાબની કિંમત બરાબર પોતાની જરૂરતથી વધારે કોઇપણ માલ હોય (૨) કાફિર (૩) માલદારની નાબાલિગ અવલાદ (૪) પોતાનાં બાપ, માં, દાદા, દાદી, નાના, નાની, વિગેરે (૫) પોતાની અવલાદ જેમકે છોકરો, છોકરી, પૌત્ર, પૌત્રી, નવાસો નવાસી વિગેરે. મતલબ કે જેઓ સાથે પેદાઇશની સગાઇ હોય તેમને ઝકાત આપવું દુરૂસ્ત નથી. (૭) સૈયદને ઝકાત આપવું દુરૂસ્ત નથી, નફલી ખૈર ખૈરાત આપી શકાય છે (૮) જેનો કોઇ માલિક થતું ન હોય એવા કામોમાં ઝકાત ખર્ચ કરવાથી ઝકાત અદા થશે નહી. જેવી રીતે કે ઝકાતનાં માલથી મસ્જીદ બનાવવું, મૈયતનાં કફન દફનમાં રકમ ખર્ચ કરવું, મૈયતનું કર્ઝ અદા કરવું અલબત્ત પહેલા કોઇને માલીક બનાવી દેવામાં આવે અને તે પોતાનાં તરફથી મસ્જીદમાં તેમજ કફન-દફન વિગેરેમાં એ માલ ખર્ચ કરે તો એ દુરૂસ્ત છે. (બહરૂર્રાઇક, શામી)

(અઝ કિતાબ અરકાને ઇસ્લામ:- મુફતી ઇસ્માઇલ વાડીવાલા સાહબ રહ.)

(૧૯૮) : કુર્આન મજીદ અને તિલાવતે કુર્આનના આદાબ:

(૧) કુર્આન ઇખલાસ અને તવાઝુઅની સાથે પઢે અને ખરાબ આદતોથી બચે. (૨) કુર્આનને વુઝુ કરીને પકડે અને પઢે. (૩) કુર્આન કિબલા તરફ મોઢુ કરીને પઢે. (૪) કુર્આનની તિલાવત "અઉઝુબિલ્લાહ..." અને "બિસમિલ્લાહ..." ની સાથે શરૂ કરે. (૫) કુર્આન થોભી થોભીને સાફ અને ખુશ અવાઝ અને તજવીદ સાથે પઢે (૬) બગાસુ આવે તો કુર્આન પઢવાનું બંધ કરી દે, અને જયારે બગાસુ બંધ થઇ જાય તો ફરીથી પઢવાનું શરૂ કરે. (૭) કુર્આન પઢતી વખતે અદબ અને શાંતીથી બેસે અને વચમાં ન હસે કે ન વાતો કરે. (૮) જો કોઇ જરૂરત પડે તો કુર્આન બંધ કરીને વાત કરે અને એના પછી "અઉઝુબિલ્લાહ" પઢીને શરૂ કરે. (૯) કુર્આન રહલ અથવા તકીયો અથવા ત્રિપાઇ પર રાખે જમીન પર ન મુકે કેમ કે આ બેઅદબી છે. (૧૦) તિલાવતના વચમાં પગોને હાથ ન લગાવે અને નાકમાં આંગળી ન નાખે. (૧૧) જયારે કાનોમાં તિલાવતની અવાઝ આવે તો એને ચુપચાપ સાંભળે. (૧૨) કુર્આન મિસ્વાક કરીને ખુશબુ લગાવીને પઢે. (૧૩) જો મોઢામાંથી થુક નીકળે તો કોગળા કરીને પઢે. (૧૪) એવી જગ્યા પર તિલાવત ન કરે જયા વાતો થતી હોય. (૧૫) કુર્આનના ઉપર કોઇ કિતાબ અથવા બીજી કોઇ વસ્તુ ન મુકે. (૧૬) વગર કારણે કુર્આનના પાસે ઊંચી જગ્યા પર ન બેસે.

(૧૯૯) : દુઆ :

અભિમાન કરે છે તેઓ નજીકમાં જ ઝલીલ થઇ દોઝખમાં જશે. (સુ. મુઅમિન – ૬૦) અહી બંદગીથી દુઆ મુરાદ છે. બંદાનું પોતાના પરવરદિગારથી માંગવું એ બંદગીની શરત છે. દુઆ ઇબાદત બલ્કે ઇબાદતનું મગજ છે અને દુઆ ન કરવી અહંકાર છે. અલ્લાહપાક દરેકની દુઆ કુબુલ કરે છે. દુઆથી યા તો મરજી મુજબ મળે છે અગર યોગ્ય ન હોય તો મુસીબત દુર થાય છે અથવા આખિરત માટે જમા રાખવામાં આવે છે. (અબુદાઉદ)**ફઝીલતઃ-** આપ સલ.નું ફરમાન છે દુઆ જ ઇબાદત છે. બીજી હદીસમાં છે દુઆ ઇબાદતનું મગ્જ છે. આપ સલ.નું ફરમાન છે અલ્લાહના નઝદીક દુઆથી વધુ કોઇ ચીઝનું મહત્વ નથી, વધુ ઇરશાદ છેઃ અલ્લાહપાકે તમારામાંથી જેના માટે દુઆનો દરવાઝો ખોલી આપ્યો (એટલે દુઆની તવફીક મલી) તેના માટે અલ્લાહની રહમતના દરવાઝા ખોલી આપવામાં આવ્યા. આપ સલ.નું ફરમાન છે જયારે કોઇ બંદો દુઆ માટે હાથ ઉઠાવે છે તો ખાલી હાથ પાછા લોટાવી આપવાથી અલ્લાહને શરમ આવે છે. દુઆ માંગવાને અલ્લાહ માત્ર પસંદ જ નથી કરતો બલ્કે દુઆ ન કરવાથી નારાઝ થાય છે. (અબુદાઉદ, તિરમિઝી)

(૨૦૦) દુઆના અદબ :

(૧) વુઝુ કરી પાક સાફ થઇ દુઆ કરે. (૨) દુઆ વખતે કિબ્લા તરફ મોઢું કરે. (૩) દુઆ પહેલા અલ્લાહપાકની હમ્દ કરે અને દુરૂદ પઢે અને દુઆ પછી પણ દુરૂદ પઢે. (૪) બંનેવ હાથો ખભા બરાબર ઉઠાવવા. (૫) ધીમી અવાઝે દુઆ કરવી. (૬) પહેલા પોતાના માટે પછી માં-બાપ માટે અને દરેક મુસલમાન માટે દુઆ કરવી. (૭) દુઆ વખતે આસમાન તરફ ન જુએ. (૮) જયાં સુધી બની શકે દિલ લગાવીને દુઆ કરે અને દુઆ કુબુલ થવાની ઉમ્મીદ રાખે. (૯) દુઆના અંતમાં આમીન કહે. (૧૦) દુઆ પછી મોં ઉપર હાથ ફેરવે. (જવાહિરૂલ ફિકહ -૧) દુઆના કુબુલ થવા માટે હલાલ રોઝી શરત છે. યહ્યાબિન મઆઝ કહે છે ઇબાદત તાળુ છે, તાળુ ખોલવા માટે ચાવી દુઆ છે અને ચાવીના દાંતા (જેના વગર તાળુ ખુલતુ નથી) હલાલ રોઝી છે. (રૂહુલ બયાન ૨/૭૨૨) અમુક બુઝુર્ગોએ કહ્યું છે આસમાનની ચાવી દુઆ છે અને તેનાં દાંતા હલાલ ખોરાક છે. (રૂહુલ બયાન ૧/૬) રમઝાનના મુબારક મહીનામાં ખાસ દુઆ કબૂલ થાય છે જેથી ખુબ પાબંદીથી દુઆનો એહતેમામ કરવો જોઇએ. છેલ્લા અશ્રાની એકી રાતો જેમાં ખાસ કરી શબે કદ્ર (૨૭ મી રાત), ઇફતારી અને સેહરીના સમયે, જુમ્આના દિવસે દુઆઓમાં મશ્ગુલ રહેવું જોઇએ. ઈફતાર સમયે રોઝદારની દુઆ ખાસ કબુલિયત ધરાવે છે.